PGVCL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PGVCL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૬૦/કવા–૦૧/૧૮–૧૯/ 7307 – 1 તા 2/8/18

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
હોટલ એવરશાઈન,
લીમડાચોક
રાજકોટ–૩૬૦૦૦૧
મો: ૯૭૨૪૫ ૦૦૪૫૬

વિષય :–ઓડિટ રીકવરી ની રકમ બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. ૦૭–૦૬–૧૮ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૬૦/કવા–૦૧/૧૮–૧૯)

શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ....)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી , રાજકોટ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વિભાગીય કચેરી નં ૨ ,રાજકોટ
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પ્રદ્યુમન નગર પેટા વીભાગીય કચેરી,રાજકોટ

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

| કેસ નં. : સીજીઆરએફ : ૬૦/ક્વા–૦૧/૧૮–૧૯ | કમિટી મીટીંગ: તા. ૨૯–૦૬–૧૮ | સ્થળ : રાજકોટ |
|---|---|---|

**પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)**
અરજદાર (ફરીયાદી): નામ: હોટલ એવરશાઈન, ગામ: રાજકોટ
રજુઆત કરનાર: અરજદાર નિલેશભાઈ દોશી હાજર રહેલ છે.

**વિરૂધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**
પીજીવીસીએલ (કચેરી) : પ્રધ્યુમન નગર પેટા વીભાગીય કચેરી,રાજકોટ (કાર્યક્ષેત્ર : શહેર વિભાગીય કચેરી નં ૨ ,રાજકોટ)
રજુઆત કરનાર :એન.ડી.રૂઘાણી – કાર્યપાલક ઈજનેર શહેર વિભાગીય કચેરી નં ૨ ,રાજકોટ

## : હુકમ :

### ફરીયાદ : ઓડિટ રીકવરી ની રકમ બાબત

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજૂઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓના ગ્રાહક નં.– ૩૧૩૦૧/૫૦૬૫૨/૪ નુ ૮કીવો તથા ૩૧૩૦૫/૦૫૦૯૯/૧ નુ ૬૫ કીવો ના બે જોડાણો પૈકી ગ્રાહક નં.– ૩૧૩૦૧/૫૦૬૫૨/૪ ના જોડાણ નુ – વીજ મીટર પ્રધ્યુમન નગર પેટા વિભાગીય કચેરી દ્વારા તા.૦૪–૦૬–૧૮ ના રોજ ઉતારી ગયેલ છે. તેમજ તેઓને માહે સપ્ટેમ્બર–થી માહે જાન્યુઆરી–૧૮ સુધીનુ રૂ.૫૯,૦૩૫/– નુ વીજબીલ મળેલ છે. જે દિવસ –૦૭ મા ભરપાઈ કરવા માટે જણાવેલ છે. પરંતુ, વીજ કંપની દ્વારા અગાઉ ક્યારેય મીટર જમા કરાવવા બાબતે તેઓને કોઈપણ પ્રકારની નોટીસ મળેલ નથી, આમ – તેઓને સદર રીકવરી બીલ માથી મુકતી અપાવવા માટે – અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજૂઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજૂઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે, પ્રધ્યુંમન નગર સબડીવીઝનના ગ્રાહકશ્રી દોશી મનસુખલાલ ઘેલાભાઈ (હોટેલ એવરસાઇન) ગ્રા.નં.૩૧૩૦૫/૦૫૦૯૯/૧ કે જેમનો કરારિત વીજભાર ૬૫ કિલોવોટ છે અને તે એલ.ટી.એમ.ડી. કેટેગરી ધરાવે છે. આજ ગ્રાહક તેના નામ પર અન્ય એક વીજકનેક્શન ધરાવે છે જેનો ગ્રાહક નં.-૩૧૩૦૧/૫૦૦૫૨/૪ છે જેમનો કરારિત વીજભાર ૮ કિલોવોટ છે અને એન.આર.જી.પી. કેટેગરી હેઠળ નુ જોડાણ ધરાવે છે આ બંને વીજકનેકશન એકજ નામના હોય અને એકજ પ્રીમાઈસીસ માં આવેલા છે.<br><br>પશ્ચીમ ગુજરાત વીજ કંપની દ્વારા તા.- ૧૬/૯/૨૦૧૧ ના રોજ ગુજરાત ઈલેક્ટ્રીસીટી રેગ્યુલરીટી કમીશન ના ઓર્ડર ના અનુસાંધાને ટેરીફ મા બદલાવ કરતા આ બન્ને વીજજોડાણ મર્જ કરવાના હોય જેમાં એકજ વીજજોડાણ ચાલુ રાખવાનું હોય પરંતુ તે સમયે આ વીજજોડાણ મર્જ થયેલ ન હતુ અને ફેબ્રુઆરી-૨૦૧૮ ના રોજ રાજકોટ શહેર વર્તુળ કચેરી ની ઓડીટ ટીમ દ્વારા સપ્ટેમ્બર-૨૦૧૧ થી જાન્યુઆરી-૨૦૧૮ ના સમયગાળા દરમ્યાન જે કનેકશન મર્જ ન થવાથી પશ્ચીમ ગુજરાત વીજ કંપની લીમીટેડ ના ફિક્સ ચાર્જ તથા એનર્જી ચાર્જ લેવા પાત્ર રકમની રિકવરી દર્શાવેલ છે એ રિકવરી નું પુરવણીબીલ ગ્રાહક શ્રી મનસુખભાઈ ઘેલાભાઈ દોશી ને આપવામાં આવેલ છે. |

**મુદદા નં.–૩ : : નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |

૩.૧

- (૧) અરજદાર ની મુદ્દા નં. ૧.૧ મુજબ ની વિગતે ની અરજી ના અનુસંધાને – પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદ્દા ન. ૨.૧ મુજબ ની વિગતે, અરજદાર શ્રી દોશી મનસુખલાલ ઘેલાભાઈ (હોટેલ એવરસાઈન) ગ્રા.નં.૩૧૩૦૫/૦૫૦૯૯/૧ કે જેમનો કરારિત વીજભાર ૬૫ કિલોવોટ છે અને તે એલ.ટી.એમ.ડી. કેટેગરી ધરાવે છે. આજ ગ્રાહક તેના નામ પર અન્ય એક વીજકનેક્શન ધરાવે છે જેનો ગ્રાહક નં.-૩૧૩૦૧/૫૦૦૫૨/૪ જે એન.આર.જી.પી. કેટેગરી હેઠળનું હતુ .
- (૨) પીજીવીસીએલ ના પ્રધ્યુંમન નગર સબડીવીઝનના આંતરીક ઓડિટ – વર્ષ – માહે એપ્રીલ –૧૬ થી માહે માર્ચ–૧૭ – તા.૦૫–૦૨–૧૮ થી તા.૧૬–૦૨–૧૮ દરમ્યાન – સદર કેઈસ નું નામદાર જીઈઆરસી ના ધારાધોરણ– એટલેકે નોટીફિકેશન નંબરઃ ૦૪/૨૦૦૫ રીવાઇઝ્ડ તા.૨૪–૦૯–૧૫ થી પ્રકાશીત કરેલ – તે મુજબ – એક જ પ્રીમાઈસીસમાં બન્ને વીજજોડાણો હોય તેમને મર્જ કરેલ ના હોય જેથી ઓડીટ ટીમ દ્વારા સપ્ટેમ્બર-૨૦૧૧ થી જાન્યુઆરી-૨૦૧૮ ના સમયગાળા દરમ્યાન જે કનેક્શન મર્જ ન થવાથી પશ્ચીમ ગુજરાત વીજ કંપની લીમીટેડ ના ફિક્સ ચાર્જ તથા એનર્જી ચાર્જ લેવા પાત્ર રકમની રિકવરી દર્શાવેલ છે જે નીચે મુજબ છે.

| Sr No | Conn. | Cat | status | Load | Remarks |
|---|---|---|---|---|---|
| 1 | 31301/5D652/4 | NRGP | Before Merge | 8Kw | As per Audit Ref para No.1.6(3) |
| 2 | 31305/D5099/1 | LTMD | Before Merge | 65Kw | |
| 3 | **31305/05099/2** | **LTMD** | **Total After Merge** | **73KW** | |
| Sr No | Recov. Month | Nos. of Month | Demand Tobe Billed 85% of 73KW i.e.62KW | Fixed charge per Month In Rs. | Fixed charge to be Billed in Rs |
| 1 | Sep-11 to Mar-13 | 19 | 62Kw | 4930 | 93670.DD |
| | Apr-13 to Mar-15 | 24 | 62 Kw | 6170 | 14808D.DD |
| | Apr-15 to Jan-18 | 34 | 62 Kw | 6590 | 224D6D.00 |
| | **Total Fixed Charge in Rs.** | | | | **465810.00** |
| | less Billed fixed charge of 313015D6524, NRGP | | | | 26730.42 |
| | less Billed fixed charge of 313D5D5D991, LTMD | | | | 395584.10 |
| | Total Billed Fixed Charge in Rs | | | | 422314.52 |
| A | **Proposed Diff. Fixed charge to be recovered in Rs.** | | | | 43495.48 |
| Sr No | Period | | Total Billed units | Energy charge Rate Diff in Rs. | Diff Energy Charge in Rs. |
| | Sep-11 to Mar-16 | | 2328D | 0.35 | 8148.00 |
| | Apr-16 to Jan-18 | | 8D98 | D.25 | 2024.50 |
| B | **Total Energy** | | 31378 | | 10172.50 |
| C | Total A+B ( Fixed + Diff Energy Charge) | | | | 53667.98 |
| D | Electricity Duty @10% in Rs. | | | | 5366.80 |
| E | Total C +D Proposed Recovery In Rs, | | | | 59D34.78 |

- (૩) ઉપરોક્ત સદર બાબતેની જાણ ઓડીટ ટીમ વર્તુળ કચેરી રાજકોટ ના પત્ર ક્રમાંક નં.૨૦ તા. ૦૯.૦૩.૨૦૧૮ થી પ્રધ્યુંમન નગર સબડીવીઝનને જાણ કરેલ. જે અનુસંધાને સદર સબડીવીઝન દ્વારા અરજદારને રજી. પત્ર તા. ૨૧.૦૪.૨૦૧૮ થી જણાવેલ કે તા. ૨૪.૦૯.૨૦૧૫ ના રોજ થયેલ નવા ટેરીફ મુજબ એક જ સ્થળ પર એકજ માલિકના એકથી વધુ વીજ જોડાણની પરવાનગી ન મળી શકે જેથી ખાપનું લાઈટીંગ વીજજોડાણ રદ કરી LTMD જોડાણ સાથે તેનો વીજભાર મર્જ કરવાપાત્ર થાય છે, જેથી તે મુજબની યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે.
- (૪) ઉપરોક્ત સદર વિગતે અરજદાર દ્વારા કોઈ પ્રત્યુતર ન મળતા સામાવાળાએ તા. ૦૪.૦૫.૨૦૧૮ થી ચેકિંગશીટ નં. આરસીસી ૮૯૭૧૧ થી એન.આર.જી.પી. કેટેગરી હેઠળ નુ જોડાણ ગ્રાહક નં.-૩૧૩૦૧/૫૦૬૫૨/૪ કે જેમનો કરારિત વીજભાર ૮ કિલોવોટ ને અરજદારના પ્રતિનિધિની હાજરીમાં પીડીસી કરાયેલ અને સદર બાબતેની જાણ અરજદારને રજી. પત્ર તા. ૦૪.૦૬.૨૦૧૮ થી જણાવેલ કે ઉપરોત મુદ્દા નં.(૨) અન્વયે ઓડીટ રીપોર્ટ મુજબ સપ્ટે-૧૧ થી જાન્યુ-૧૮ સુધીનું ભરવાપાત્ર પુરવણી બીલ રૂ. ૫૯૦૩૫/- દિવસ D૭ મા ભરપાઈ કરવા જાણ કરેલ .

- (૫) વર્ષ ૨૦૧૧ થી નવી ટેરીફ અસરકર્તા હોઈ તે મુજબ બિલીંગ કરવાપાત્ર છે. સામાવાળાએ સપ્ટે -૨૦૧૧ થી જાન્યુ ,૨૦૧૮ સુધીના કરારીત વીજભાર ૭૩ કીવો ના ૮૫% વીજભાર અન્વયે ૬૨ કીલોવોટ વીજભાર મુજબ વીજ બીલીંગ ન થયેલ હોઈ, તફાવત પેટે કીલોવોટના વીજભાર મુજબની ગણતરી કરી પાછળની અસરથી બિલીંગ કરીને રૂ.૫૯૦૩૫/- ની વસુલાત કરવાપાત્ર દ્વારા જણાવેલ. સામાવાળાએ કોઈપણ જાતની અગાઉથી જાણકારી કે સ્પષ્ટતા કર્યા વગર સદર વસુલાત ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના ધારા ધોરણ મુજબ કરેલ ન હોઈ, અરજદારે ફોરમ સમક્ષ રજૂઆત દાખલ કરેલ.
- (૬) દોશી મનસુખલાલ ઘેલાભાઈ (હોટેલ એવરસાઈન) ના - વીજજોડાણ નં.૩૧૩૦૫/૦૫૦૯૯/૧ કે જેનો કરારિત વીજભાર ૬૫ કિલોવોટ છે, જેનું એલ.એફ.ડી.–૨ કેટેગરી હેઠળ બીલીગ માહે ઓગષ્ટ–૧૧ બીલ્ડ ઈન સપ્ટેમ્બર– ૧૧ સુધી થતુ હતુ. ત્યારબાદ, નવા ટેરીફ અસરકર્તા હોઈ માહે સપ્ટેમ્બર–૧૧ બીલ્ડ ઈન ઓક્ટોબર– ૧૧ થી સદર જોડાણ નુ બીલીગ એલ.ટી.એમ.ડી. કેટેગરી હેઠળ કરવામા આવે છે.
- (૭) વીજજોડાણ ગ્રા.નં. ૩૧૩૦૧/૫૦૬૫૨/૪ જે દોશી મનસુખલાલ ઘેલાભાઈ (હોટેલ એવરસાઈન) નામનુ એલ.ટી.પી.–૧ કેટેગરી હેઠળ ૧૦ હોપા નુ બીલીગ માહે ઓગષ્ટ–૧૧ બીલ્ડ ઈન સપ્ટેમ્બર– ૧૧ સુધી થતુ હતુ. ત્યારબાદ, નવા ટેરીફ અસરકર્તા હોઈ માહે સપ્ટેમ્બર–૧૧ બીલ્ડ ઈન ઓક્ટોબર– ૧૧ થી સદર જોડાણ નુ બીલીગ એન.આર.જી.પી. કેટેગરી હેઠળ ૦૮ કીવો નુ ધરાવે છે.
- (૮) As per new tariff published by GERC, in case No. 1102/2011 dated 06.09.2011, Respondent has issued circular No. PGVCL/Reg.Cell/ T-6666 dated 16.09.2011 under subject revision of retail tariff effective from 01.09.2011.
- (૯) Revision of tariff structure as issued is as under:

| Sr. No. | Existing nomenclature | Revised nomenclature |
|---|---|---|
| 4. | LFD-II, LTP-1, LTP-II (institutions not registered with the Charity Commissioner).<br>All existing consumers presently being billed under LFD-II or LTP-I or LTP-II (Institutions not registered with the Charity Commissioner) and having contracted demand up to 40 KW. | Non-RGP |
| 5. | LFD-II LTP-I, LTP-III, LTP-II (Institutions not registered with the Charity Commissioner).<br>All existing consumers presently being billed under LFD-II or LTP-I or LTP-II or LTP-III having contracted demand above 40 KW. This tariff also to be applicable to consumers covered in category "Non-RGP" as opts to be charged in place of "Non-RGP" tariff. | LTMD |

As per guideline issued under above circular billing of consumers:
**Point-4**: All LFD-II, LTP-I, LTP-II (institutions not registered with Charity Commissioner) and LTP-III consumers having contracted demand above 40 KW are to be billed under LTMD tariff.
**Point-7:** Since with the revised provisions of tariff, the stipulation of Motive Power load and non-Motive Power load has been removed. The premises where two or more connections are provided for measurement of consumption of Motive Power load and Non-Motive Power load, such connections are to be amalgamated into a single connection and total contracted demand of the resultant amalgamated connection up to maximum load limit of 100 KW. After amalgamating different connections, the resultant amalgamated connection is to be billed under appropriate tariff category i.e. Non-RGP category for load up to 40 KW and LTMD category for contracted load above 40 KW. Accordingly, in the present case, Appellant's revised tariff falls under LTMD tariff category.

- (૧૦) પશ્ચીમ ગુજરાત વીજ કંપની દ્વારા તા.- ૧૬/૯/૨૦૧૧ ના રોજ ગુજરાત ઈલેક્ટ્રીસીટી રેગ્યુલરીટી કમીશન ના ઓર્ડર ના અનુસાંધાને ટેરીફ મા બદલાવ કરતા આ બન્ને વીજજોડાણ મર્જ કરવાના હોય જેમાં એકજ વીજજોડાણ ચાલુ રાખવાનું હોય પરંતુ તે સમયે આ વીજજોડાણ મર્જ થયેલ ન હતુ અને ફેબ્રુઆરી-૨૦૧૮ ના રોજ રાજકોટ શહેર વર્તુળ કચેરી ની ઓડીટ ટીમ દ્વારા સપ્ટેમ્બર-૨૦૧૧ થી જાન્યુઆરી-૨૦૧૮ ના સમયગાળા દરમ્યાન જે કનેક્શન મર્જ ન થવાથી પશ્ચીમ ગુજરાત વીજ કંપની લીમીટેડ ના ફિક્સ ચાર્જ તથા એનર્જી ચાર્જ લેવા પાત્ર રકમની રિકવરી પુરવણીબીલમાં દર્શાવેલ છે જે નિયમાધીન બાબત યોગ્ય છે.
- (૧૧) સદર કેઈસ મા, પીજીવીસીએલ પક્ષકાર દ્વારા – જે તે સમયે નિયમાધીન યોગ્ય કાર્યવાહી કરાયેલ નથી – જેથી, સદર બાબતે કસુરવાર કર્મચારી સામે યોગ્ય શિક્ષાત્મક કાર્યવાહી કરવા અંગે સુચિત કરવામા આવે છે. તેમ સદર કેઈસમાં ફોરમ કમિટી દ્વારા નિષ્કર્ષ કરેલ છે.

**મુદદા નં.–૪ :** **હુકમ**

| | |
|---|---|
| ૪.૧ | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ ના પેટા મુદદા નં. (૧૦) મુજબ ની વિગતે – અરજદારને અપાયેલ સપ્ટે-૧૧ થી જાન્યુ-૧૮ સુધીનું પુરવણી બીલ નિયમાધીન હોય – યોગ્ય છે. જેની જાણકારી બન્ને પક્ષકારો ને આપવામા આવે છે. તેમજ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ ના પેટા મુદદા નં. (૧૧) મુજબ ની વિગતે ની કાર્યવાહી કરવા પીજીવીસીએલ પક્ષકાર ને જણાવવામા આવે છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(એન.ડી.ધામેલીયા)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

નોંધ જો સદર નિણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.